
જય શ્રી કેદાર
જય બદ્રી વિશાલ

# ચારધામ યાત્રા

**યમુનોત્રી + ગંગોત્રી + કેદારનાથ + બદ્રીનાથ**




## SAFAR ADVENTURE

121/Harihar Complex, Zadeshwar Road,
Bharuch,Gujarat-392011

thesafaradventure.com

9879277729 | 9879277768 | 9879277769

# ઉત્તરાખંડમાં "વિશ્વાસ"નું બીજું નામ એટલે - સફર

## ચારધામ શા માટે સફર સાથે જ કરવી જોઈએ ?

1) સુવિધાજનક મુસાફરી
- 26-સીટર ટેમ્પો ટ્રાવેલરમાં માત્ર 23 યાત્રીઓ
- ✓ વધારે જગ્યા
- ✓ લાંબી યાત્રામાં કોઈ અગવડ નહીં

2) ઘર જેવી ખાણીપીણી
- દરેક સ્થળે ગુજરાતી સ્વાદ સાથે શુદ્ધ શાકાહારી ભોજનની વ્યવસ્થા

3) કેદારનાથ ખાતે પ્રીમિયમ રહેવાની વ્યવસ્થા
- ✓ મંદિરના નજદીક રૂમ
- ✗ નહીં ટેન્ટ,નહીં દૂર રહેવાનું
- માત્ર આરામદાયક અનુભવ

4) સાંજની સ્વાદિષ્ટ મ્હેમાનગતી
- જે સ્થળે શક્ય - ચા, કૉફી અને નાસ્તો સંપૂર્ણપણે મફત

5) વ્યક્તિગત કાળજી & યોગ્ય માર્ગદર્શન
- દરેક ટેમ્પો ટ્રાવેલર સાથે અલગ Tour Manager - જેથી કોઈ યાત્રિકને મુશ્કેલીનો સામનો ન કરવો પડે

6) વધારાનું દર્શન — કોઈ વધારાનો ખર્ચ નહીં
- લાખમંડલ અને માણા ગામને પણ સામેલ કર્યું છે
- કોઈ છુપા ચાર્જ, કોઈ એક્સ્ટ્રા પ્રાઈસ નથી

# ચારધામ યાત્રા : એક પવિત્ર અધ્યાત્મિક સફર

- **યમુનોત્રી:-** યમુનોત્રી, ચારધામ યાત્રાનું પ્રથમ ધામ, હિમાલયની 3,293 મીટરની ઉંચાઈ પર વસેલું છે. આ ધામ માતા યમુનાને સમર્પિત છે, જે ગંગા પછી ભારતની સૌથી પવિત્ર નદી માનવામાં આવે છે. યમુનોત્રી મંદિર હિમાલયના શ્રેષ્ઠ શિખરોમાં સ્થિત છે, જ્યાં ભક્તો પવિત્ર ગરમ કુંડમાં સ્નાન કરીને યાત્રાની શરૂઆત કરે છે. નદીના ઉદ્દગમસ્થાન કલિંદ પર્વતથી હોય, એટલે તેને દિવ્ય મહત્વ પ્રાપ્ત છે. માન્યતા છે કે અહીંના જળમાં સ્નાન કરવાથી પાપોનો નાશ થાય છે અને મુક્તિ મળે છે.

- **ગંગોત્રી:-** 3,100 મીટર ઉંચાઈએ સ્થિત ગંગોત્રી મંદિર પવિત્ર ગંગા નદીના ઉદ્ભવસ્થાનના નજીક છે. ગંગા મા હિન્દુ ધર્મમાં મોક્ષદાયિણી નદી તરીકે પૂજાય છે. ગંગોત્રી નદીનું મૂળ ગૌમુખ ગ્લેશિયરમાં છે, જ્યાં પહોંચવા માટે યાત્રાળુઓ 18 કિમીનો ટ્રેક કરવો પડે છે. પૌરાણિક કથાઓ મુજબ, રાજા ભગીરથની તપસ્યાના પરિણામે દેવગંગા સ્વર્ગમાંથી ભૂમિ પર આવી. ભક્તો અહીં ગંગાજળથી અભિષેક કરીને પોતાની આધ્યાત્મિક યાત્રાને પૂર્ણતા આપે છે.

- **કેદારનાથ:-** કેદારનાથ ધામ શિવભક્તો માટે એક પવિત્ર તીર્થ છે, જે 3,583 મીટરની ઉંચાઈએ વસેલું છે. આ મંદિર બાર જ્યોતિર્લિંગોમાંનું એક છે અને માનવામાં આવે છે કે તેને પાંડવોએ બંધાવ્યું હતું. આધિ શંકરાચાર્યએ 8મી સદીમાં આ મંદિરની પુનઃસ્થાપના કરી. કેદારનાથ ધામ તરફ જવાની યાત્રા રુદ્રપ્રયાગના ગુપ્તકાશીથી શરૂ થાય છે, અને ભક્તોને 22 કિમીનો ટ્રેક કરવો પડે છે. શિવજીની કૃપા પ્રાપ્ત કરવા માટે હજારો યાત્રાળુઓ અહીં દર વર્ષે આવે છે. આ સ્થાન આસપાસના બરફથી ઘેરાયેલા પહાડો અને અલૌકિક શાંતિ માટે પ્રસિદ્ધ છે.

- **બદ્રીનાથ:-** બદ્રીનાથ ધામ 3,300 મીટરની ઉંચાઈએ વસેલું છે અને તે ભગવાન વિષ્ણુને સમર્પિત છે. ચતુર્ભુજ સ્વરૂપે વિષ્ણુ અહીં તપસ્યા માટે આવ્યા હતા, તેથી તે પવિત્ર તીર્થ બનેલું છે. મંદિર અલકાનંદા નદીના કિનારે આવેલું છે અને તેની સ્થાપના પણ આધિ શંકરાચાર્ય દ્વારા કરવામાં આવી હતી. બદ્રીનાથ દર્શન માટે ભક્તો મેઈથી ઑક્ટોબર સુધી આવે છે. યાત્રાના ભાગરૂપે ભક્તો તપ્ત કુંડમાં સ્નાન કરે છે, જે એક ગરમ ઝરણું છે અને પવિત્ર માનવામાં આવે છે.

## ચારધામ યાત્રાનું મહત્વ

- ચારધામ યાત્રા પવિત્ર યાત્રા છે જે ભક્તોને આધ્યાત્મિક શાંતિ અને મુક્તિ પ્રદાન કરે છે. આ યાત્રા હિમાલયની અદ્ભુત કુદરતી સુંદરતાને અનુભવી આધ્યાત્મિક શૌર્ય સાથે જોડાવાનું અમૂલ્ય અવસર આપે છે. "ચારધામ યાત્રા જીવનમાં એક વાર અવશ્ય કરવી જોઈએ, કારણ કે તે આત્માને શુદ્ધ અને પરમાત્મા સાથે જોડાવાનું એક દિવ્ય સાધન છે.

# ચારધામ યાત્રા દરમ્યાન મળવા પાત્ર સગવડો....

- અહીં જણાવેલ રાત્રી રોકાણનાં સ્થળો અંદાજીત છે,પ્રવાસીનાં બુકીંગ કરાવ્યા બાદ ત્યાં રૂમોની ઉપલબ્ધિ મુજબ તેમજ પાર્કીંગ અનુકુળતા મુજબ હોટલ અને રૂમોનું બુકીંગ કરાવવામાં આવશે અથવા રાત્રી રોકાણનાં સ્થળો બદલાશે તેમજ ટ્રાફીક જામ કે લેન્ડસ્લાઈડ ન કારણે પણ તેમાં ફેરફાર થવા ની શક્યતા ઓ રહેલી છે.અમે યાત્રિકો પાસેથી અમારા બ્રોશરમાં જણાવેલ આઈટીનરી,દિવસો અને પ્રવાસ કિંમત મુજબ 11 રાત્રી અને 12 દિવસ માટે નીચે દર્શાવેલ રહેઠાણ, વાહન અને ભોજન વ્યવસ્થા મળશે.
- યાત્રિકોને નીચે મુજબની રહેઠાણ વ્યવસ્થા,ભોજન વ્યવસ્થા અને વાહન વ્યવસ્થા મળશે,આ માટે ચારધામ યાત્રા અંગે માર્ગદર્શન આપતી મારી પત્રિકા સંપૂર્ણ અને ધ્યાનપૂર્વક વાંચ્યા પછીથી જ બુકીંગ કરાવવું,જેથી યાત્રા દરમ્યાન કોઈપણ જાતનો વાદ -વિવાદ કે મન દુઃખ થાય નહીં.

**1) રહેઠાણ વ્યવસ્થા:** યાત્રિકોને હરિદ્વારમાં ડીલક્ષ કેટેગરીની હોટલમાં જ્યારે અન્ય સ્થળે રૂમોની ઉપલબ્ધિ મુજબ ડિલક્ષ કેંગરીની હોટલમાં નોન એ.સી. રૂમમાં રાત્રી રોકાણ રહેશે, જેમાં એટેચ બાથરૂમ ટોઈલેટ સાથેનો રૂમ મળશે.સમય અને સંજોગ મુજબ હોમસ્ટે,લોજ અથવા ગેસ્ટહાઉસમાં પણ રહેવું પડશે.

**2) ભોજન વ્યવસ્થા:** યાત્રા દરમિયાન આપણે આપણા સ્વ્યાસ્થ જળવાઈ રહે તે માટે ગુજરતી મહારાજની વ્યવસ્થા કરેલ છે જેથી યાત્રા દરમિયાન આપણે ને ઘર જેવું જમવા નું મળી રહે.આ વ્યવસ્થામાં આપણે સવારનો નાસ્તો અને રાતનું ભોજન આપીશું.

**ખાસ નોંધ: ટ્રેન દરિમયાન કોઈપણ જાતની ભોજન વ્યવસ્થા આવશે નહી અને આ પ્રવાસમાં મિનરલ વોટર સ્વખર્ચે જ રહેશે.**

**3)વાહન વ્યવસ્થા : 21 / 26 સીટર ટેમ્પો ટ્રાવેલર્સ  દ્વારા મુસાફરી શરૂ થશે,જેમાં રોટેશન સિસ્ટમ મુજબ બેસવાનું રહેશે. આ ઉપરાંત વાહનની ડેકી નાની હોવા થી ખૂબજ મર્યાદીત સામાન લેવો.**

- **દરેક પ્રવાસમાં જણાવેલ રાત્રી રોકાણનાં સ્થળો અંદાજીત છે.રુમોની ઉપલબ્ધિ મુજબ તેમજ ટ્રાફીક જામ કે ભૂસ્ખલનનાં કારણે તેમાં ફેરફાર થવાની શક્યતા રહેલી છે . અમે યાત્રી પાસેથી અમારા બ્રોશર માં જણાવેલ આઇટીનરી,દિવસ અને પ્રવાસ કિંમત મુજબ 11 રાત્રી અને 12 દિવસ માટે ઉપર દર્શાવેલ સગવડો માટે પ્રવાસ કિંમત લીધેલ છે,પરંતુ જો કોઈ પણ કુદરતી,આકસ્મિક કે અનિવાર્ય કારણોસર પ્રવાસનો ઉપરોક્ત દિવસો કરતા જો પ્રવાસનાં દિવસો વધે તો તમામ યાત્રિકોએ 1 વ્યક્તિ દીઠ 1 વધારાનાં દિવસ દીઠ Rs.3,500/- મુજબ રોકડમાં ચૂકવવા ના રહેશે. ભૂસ્ખલન કે રોડ બ્લોકીંગ કે અન્ય કુદરતી કે અન્ય વિપરીત સંજોગોનાં લીધે હેલિકોપ્ટરની ફ્લાઈટ,રીટર્ન ટ્રેન,રીટર્ન ફ્લાઈટ ચુકી જવાયતો અમારી જવાબદારી રહેશે નહીં .**

# ચારધામ માટે પ્રવાસનો કાર્યક્રમ

## દિવસ 1 : દિલ્હી આગમન – હરિદ્વાર તરફ પ્રસ્થાન

- સવારે 11:00 વાગ્યે દિલ્હી રેલવે સ્ટેશન પર આગમન થાય છે. ત્યારબાદ, એસી ટેમ્પો ટ્રાવેલર દ્વારા હરિદ્વાર તરફ પ્રસ્થાન થાય છે. હરિદ્વારમાં પવિત્ર ગંગાના ઘાટ 'હર કી પૌડી' પર પૌરાણિક આરતીનો અનુભવ કરવામાં આવે છે, જે ભક્તો માટે એક અજોડ આધ્યાત્મિક ક્ષણ છે. અહીંના સ્થાનિક બજારોમાં ફરવાના આનંદ પછી રાત્રિ રોકાણ હરિદ્વારના આરામદાયક હોટેલમાં કરવામાં આવે છે.

## દિવસ 2 : હરિદ્વાર થી બરકોટ – યમુનોત્રી માટે તૈયારી

- વહેલી સવારે હરિદ્વારમાંથી બારકોટ માટે નીકળવામાં આવે છે. સફર દરમિયાન ઉત્તરમાં ફેલાયેલા હિમાલયના દૃશ્યો અને ગંગા નદીના વહેણનો અદભુત નજારો જોવા મળે છે. બારકોટ પોહચી હોટેલમાં ચેક-ઇન કર્યા બાદ, યાત્રિકો માટે આરામ અને આગલી યાત્રાની તૈયારી માટે સમય આપવામાં આવે છે.

## દિવસ 3 : યમુનોત્રી ધામ – માતા યમુનાના આશીર્વાદ

- સવારે જાનકી ચટ્ટી માટે રવાના થઈ, ત્યાંથી 6 કિમીનું સુંદર અને અવિસ્મરણીય ટ્રેકિંગ કરીને યમુનોત્રી મંદિરે પહોંચી દેવીને પ્રાર્થના કરવામાં આવે છે. પવિત્ર ગરમ પાણીના કુંડમાં સ્નાન અને દર્શન કર્યા બાદ, પાછા બરકોટ હોટેલ પર વળવામાં આવે છે અને રાત્રિ રોકાણ ત્યાં જ થાય છે.

## દિવસ 4 : બરકોટ થી ઉત્તરકાશી – કાશી વિશ્વનાથ મંદિર દર્શન

- વહેલી સવારે ઉત્તરકાશી માટે પ્રસ્થાન કરવામાં આવે છે. યાત્રા દરમ્યાન મનમોહક ગિરિમાળાઓ અને નદીની કિનારીઓ પર પ્રકૃતિના અદભુત દૃશ્યો જોવા મળે છે. ઉત્તરકાશી પહોંચ્યા બાદ પવિત્ર કાશી વિશ્વનાથ મંદિરના દર્શન કરી ભગવાન શંકરના આશીર્વાદ લેવાય છે. રાત્રિ રોકાણ ઉત્તરકાશી હોટેલમાં કરવામાં આવે છે.

## દિવસ 5 : ગંગોત્રી ધામ – માતા ગંગાના આશીર્વાદ

- આજે યાત્રા ગંગોત્રી માટેની છે. ભગીરથ શીલા અને પાંડવ ગુફાની મુલાકાત બાદ ગંગોત્રી મંદિરે દર્શન કરવામાં આવે છે, જ્યાં માતા ગંગાના પવિત્ર જળમાં ડુબકી લગાવવાથી પાપમોચન થાય છે. મંદિરની શાંતિમય પરિસરમાં આરતીમાં હાજરી આપી ઉત્તરકાશી પરત ફરવામાં આવે છે, જ્યાં રાત્રિ રોકાણ કરવામાં આવે છે.

## દિવસ 6 : ઉત્તરકાશી થી ગુપ્તકાશી / ફાટા – કેદારનાથ માટે તૈયારી

- વહેલી સવારે ઉત્તરકાશીથી ગુપ્તકાશી/ફાટા માટે મુસાફરી કરવામાં આવે છે.હોટેલ પહોંચીને યાત્રિકો આરામ કરે છે અને કેદારનાથ માટેના ઉત્સાહ અને ભક્તિભાવથી ઓતપ્રોત થઈ જાય છે.

## દિવસ 7 : કેદારનાથ ધામ – ભગવાન શિવના દિવ્ય દર્શન

- વહેલી સવારે 3-4 વાગ્યે સોનપ્રયાગ માટે રવાના થઈ, ત્યાંથી ગૌરિકુંડ માટે યુનિયન ટેક્સી લેવામાં આવે છે. ગૌરિકુંડમાં ગરમ પાણીના કુદરતી સ્ત્રોતમાં પવિત્ર સ્નાન કર્યા પછી, 22 કિમીનું પ્રેરણાદાયી કેદારનાથ ટ્રેક શરૂ થાય છે. સાંજે ભગવાન કેદારનાથના મંદિરમાં ભવ્ય આરતીમાં હાજરી આપવામાં આવે છે અને રાત્રિ રોકાણ મંદિર નજીક એક પવિત્ર અને દિવ્ય વાતાવરણમાં થાય છે.

## દિવસ 8 : કેદારનાથ થી ગુપ્તકાશી / ફાટા – પરત યાત્રા

- વહેલી સવારે કેદારનાથ મંદિરમાં દર્શન કરીને ગૌરિકુંડ પરત ફરો, ત્યાંથી સોનપ્રયાગ અને પછી ગુપ્તકાશી / ફાટા હોટેલ માટે પ્રસ્થાન થાય છે. હોટેલમાં પહોંચીને આરામ અને પ્રવાસનો વિશ્લેષણ થાય છે.

## દિવસ 9 : ગુપ્તકાશી / ફાટા થી પીપલકોટી

- વહેલી સવારે ગુપ્તકાશી / ફાટા થી પીપલકોટી જવા પ્રયાણ. આ યાત્રામાં દેવપ્રયાગ, રુદ્રપ્રયાગ, કરણપ્રયાગ, નંદપ્રયાગ અને અન્ય પવિત્ર સંગમો જોવા મળે છે. પીપલકોટી હોટલમાં રાત્રી રોકાણ.

## દિવસ 10 : બદ્રીનાથ અને માના

- પીપલકોટીથી બદ્રીનાથ જવા પ્રયાણ.બદ્રીનાથ દર્શન કરી પીપલકોટી હોટલમાં પરત.ભારતના અંતિમ ગામ 'માના'ની મુલાકાત કરવામાં આવે છે, જ્યાં ભીમપુલ અને વસુધારા ધોધના પ્રાકૃતિક નજારા જોવા મળે છે. પીપલકોટી હોટલમાં રાત્રી રોકાણ.

## દિવસ 11 : પીપલકોટી થી હરિદ્વાર યાત્રા

- રૂદ્રપ્રયાગમાં અલકનંદા અને મંદાકીની નદીના સંગમના ભવ્ય દર્શન બાદ ડાયરેક્ટ હરિદ્વાર જવા પ્રયાણ. રસ્તા માં દેવપ્રયાગમાં ભાગીરથી અને અલકનંદા નદીનાં દર્શન. અહીં બે નદી ઓનાં જુદા-જુદા રંગોનાં પ્રવાહનાં સંગમનું અલૌકીક દર્શન. અહીં થી ગંગા નદીની ઓળખ શરૂ થાય છે. રાત્રે હરિદ્વાર આગમન.

## દિવસ 12 : હરિદ્વાર થી દિલ્હી યાત્રા – ટ્રેન પ્રવાસ

- આજે વહેલી સવારે હરિદ્વારથી દિલ્હી માટે પ્રસ્થાન કરવામાં આવે છે. હરિદ્વારથી સવારે પ્રસ્થાન કરીને દિલ્હી આગમન બાદ ટ્રેન દ્વારા મુંબઈ, સુરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ જવા પ્રયાણ.




**<u>કેદારનાથ યાત્રાની આ માહિતી અચુક અને બે વખત વિગતવાર વાંચી લેવી.</u>**

- **કેદારનાથ યાત્રા માટે પગપાળા,ઘોડા કે ડોલી દ્વારા જનારા યાત્રિકોએ રૂમો ચેક-આઉટ કરીને અમારા પ્રતિનિધીને લગેજ જમા કરાવીને ગુપ્તકાશીથી વહેલી પરોઢે ૨-૦૦ કલાકે સોનપ્રયાગ ડ્રોપીંગ કરાશે અને સોનપ્રયાગથી ગૌરીકુંડ સ્વમેળે અને સ્વખર્ચે સરકારી શટલ સર્વિસનાં વાહનો દ્વારા પહોંચવાનું રહેશે. ગૌરીકુંડથી કેદારનાથ જવા પગપાળા અથવા સ્વખર્ચે, સ્વમેળે અને સ્વજોખમે ઘોડા,ડોલી,કંડી દ્વારા પ્રયાણ. ગૌરીકુંડથી કેદારનાથ મંદીર (આશરે ૨૨ કિ.મી./૮ કલાક) પહાડી માર્ગે આવેલું છે.**

- **હેલિકોપ્ટર દ્વારા કેદારનાથ જનારા યાત્રિકોએ હેલિકોપ્ટરની ઓન લાઈન ટિકીટ સ્વમેળે અને સ્વખર્ચે ફક્ત https://heliyatra.irctc.co.in ઉપરથી જ ઓન લાઈન બુક કરાવવી અને તેમને એલોટ કરવામાં આવેલ એરલાઈન્સનાં હેલીપેડ ઉપર તેમનાં સમયનાં સ્લોટનાં ૨ કલાક પહેલાં સ્વમેળે અને સ્વખર્ચે પહોંચવાનું રહેશે. અન્ય તમામ વેબસાઈટો ફેક અને ફ્રોડ છે તેથી તેમાંથી હેલિકોપ્ટરની ટિકીટ કરાવશો નહીં.**

- **કેદારનાથમાં તીવ્ર ઠંડી,સ્નોફોલ/વરસાદ રાત્રી રોકાણ, રાત્રી ભોજન તેમજ સવારનો ત્યાંનો નાસ્તો પણ સાધારણ કક્ષાનો હોવાથી આપને અનુકુળતા રહેશે નહીં.અમારા શિડયુલ કરતાં વહેલાં કેદારનાથમાં દર્શન કરીને ગુપ્તકાશી આજે પરત ફરેલાં યાત્રિકોએ તે દિવસ માટે સ્વમેળે અને સ્વખર્ચે રૂમ તેમજ ભોજન વ્યવસ્થા કરવાની રહેશે.**

## <u>પ્રવાસ રદ કરવાની નીતિ અચુક વાંચો</u>

- **કોઈ પણ કાલ્પનિક ભય કે ફોબિયાનાં કારણે તેમજ યાત્રિકોનાં કોઈ પણ વ્યક્તિગત કે સામાજીક સંજોગો દરમ્યાન ટુર કેન્સલેશન માટે ટુરનું બુકીંગ કરાવનાર વ્યકિત તરફથી લેખિતમાં ટુર કેન્સલેશન માટેની અરજી મળ્યા બાદ જ પ્રવાસ કેન્સલ કરવામાં આવશે જેમાં સૌપ્રથમ નોન રીફંડેબલ સ્કમ રૂા.૫૦૦૦/- તો કપાશેજ, તે ઉપરાંત નીચે મુજબ વધારાનું કેન્સલેશન પણ લાગુ પડશે.**

- **પ્રવાસ ઉપડવાની તારીખથી ૬૦ દિવસ પહેલાં ૧ ટીકીટ દીઠ રૂા.3500/- કપાશે**
- **૩૦ દિવસ પહેલાં ૧ ટીકીટ દીઠ રૂા. 5000/- કપાશે**
- **૩૦ દિવસની અંદર બુકીંગ રદ કરાવનારને કોઈપણ પ્રકારનું રીફંડ મળશે નહીં**

- **કોઈપણ કુદરતી અથવા માનવ સર્જીત અને અચાનક ઉભા થયેલાં અસામાન્ય અને મુશ્કેલ સંજોગો જેવા કે પુર, ધરતીકંપ, વાદળ ફાટવું, ભુસ્ખલન, રાજકીય અસ્થિરતા, બંધ, હડતાળ, તોફાનો, આતંકવાદી હુમલો, ટ્રેન કે ફલાઈટ રીશીડયુલ થવી કે કેન્સલ થવી કે માંદગી, સ્વજનનું અવસાન અથવા હાલમાં ઉદ્ભવેલ કોરોના જેવી મહામારીના કારણે કે જેને આપણે સામાન્ય શબ્દોમાં "ACT OF GOD" જેવાં અન્ય કોઈપણ કારણસર જો ટૂર રદ થશે અથવા રદ કરવી પડે તેવી પરિસ્થિતમાં અમને પણ આગળ એડવાન્સમાં ચુકવેલ નાણાં તેમજ જાહેરાત અને ઓફિસ ખર્ચનાં નાણાં પરત મળતાં નથી, તેથી જો ટુર રદ થાય કે કરવી પડે તો આપે ભરેલી રકમની એક વર્ષની વેલીડીટી ધરાવતી ક્રેડીટ નોટ આપવામાં આવશે અને કોઈપણ સંજોગોમાં કેશ કે ચેક રીફંડ મળશે નહીં. આ ક્રેડીટ નોટ દ્વારા પ્રવાસી અમારા અન્ય કોઈપણ પ્રવાસમાં જોડાઈ શકે છે.**

**જો પ્રવાસીઓની સંખ્યા ૨૫ વ્યક્તિ કરતાં ઓછી હશે તો હોટલનાં રેસ્ટોરન્ટમાંથી ફક્ત બ્રેકફાસ્ટ અને ડીનર આપવામાં આવશે, જેનું કોઈપણ પ્રકારનું રીફંડ આપવામાં આવશે નહીં.**

**સફર -વિશ્વાસ, સેવા અને સાચા દર્શનનો અનુભવ !**

**<u>9879277729 | 9879277769 | 9879277768</u>**

# પ્રવાસ પ્રસ્થાનની તારીખ દિલ્હી થી

| | |
|---|---|
| Batch 01 | 20 May – 31 May |
| Batch 02 | 30 May – 10 June |
| Batch 03 | 01 June – 12 June |
| Batch 04 | 11 June – 22 June |

# પ્રવાસ ની કિંમત

| | |
|---|---|
| એક રૂમ માં 4 વ્યક્તિ | ₹ 28,500/- વ્યક્તિ દીઠ |
| એક રૂમ માં 2 વ્યક્તિ | ₹ 31,000/- વ્યક્તિ દીઠ |
| અડધી ટીકીટ 1 બાળક દીઠ 6 થી ૧૧ વર્ષ | ₹ 14,500/- વ્યક્તિ દીઠ |

# EMI Payment With 0% Intrest

| Booking Amount | Token Amount | Jan 2026 | Feb 2026 | Mar 2026 | Apr 2026 |
|---|---|---|---|---|---|
| Dec 2025 | ₹ 1,000 | ₹ 6,500 | ₹ 6,500 | ₹ 6,500 | ₹ 8,000 |
| Jan 2026 | ₹ 5,000 | ₹ 6,000 | ₹ 6,000 | ₹ 6,000 | ₹ 5,500 |
| Feb 2026 | ₹ 7,000 | ₹ 5,000 | ₹ 5,000 | ₹ 5,000 | ₹ 6,500 |

**5 % GST Extra નોન રીફંડેબલ + રેલ્વે, વિમાન, હેલિકોપ્ટર ટિકીટ અને એજન્ટ ચાર્જીસ એક્સ્ટ્રા થશે.**




**SAFAR ADVENTURE**

121/Harihar Complex, Zadeshwar Road, Bharuch,Gujarat-392011

thesafaradventure.com

9879277729 | 9879277768 | 9879277769

#travelwithsafar #safaradventure